# સાબરકાંઠાને માથે પાણીનું ૧૮ કરોડનું દેવુ

### ચાર નગરપાલિકા અને ૪૦૦ ગામડાઓમાં નર્મદાનું પાણી અપાયુ હતુ : ઉનાળો હોવાથી હાલ કડક ઉઘરાણી નહી કરાય

હિંમતનગર, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક વર્ષોથી ઓછા વરસાદને કારણે પીવાના પાણી માટે નર્મદાના પાણી પર મદાર રાખવો પડે છે ત્યારે ગત વર્ષે સાબરકાંઠા જિલ્લાની ચાર નગરપાલિકા અને ૪૦૦ ગામના લોકોને ગ્રામ પંચાયતોના માધ્યમથી નર્મદાનું પીવાનું પાણી પાઈપલાઈનના માધ્યમથી આપવામાં આવ્યુ હતુ. જે પેટે પાણી પુરવઠા બોર્ડને સાબરકાંઠા જિલ્લાએ રૂ. ૧૮ કરોડ ચુકવવાના થાય છે પરંતુ હજુ સુધી આ નાણાં ચુકવાયા નથી. સાબરકાંઠા જિલ્લામાં આવેલ ખાસ કરીને વડાલી, હિંમતનગર, પ્રાંતિજ અને તલોદ તાલુકામાં દર વર્ષે પડતા ઓછા વરસાદને કારણે દિવાળી બાદ પીવાના પાણીની પાઈપલાઈન જમીનમાં નાખીને તે પાણી તલોદ, હિંમતનગર, પ્રાંતિજ, વડાલીમાં આવેલ ડેમ સાઈટ સુધી લઈ જવામાં આવ્યું હતું.

સાથોસાથ શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ખાસ કરીને ઉનાળામાં પીવાના પાણીની મુશ્કેલી ઉભી થાય છે ત્યારે પાઈપલાઈનના માધ્યમથી જરૂર પડે તે માટે ડેમમાં નાખી પંપીંપ કરીને જથ્થાની ઉપલબ્ધીને ધ્યાનમાં રાખી તેનો ચાર્જ લઈ પીવા માટે આપવામાં આવે છે.

પરંતુ નગરપાલિકાઓ અને ગ્રામ પંચાયતો નર્મદાના પાણી પેટે ચુકવવાના થતા નાણાં પાણી પુરવઠા વિભાગને આપવામાં આવતા નથી જેના કારણે એક વર્ષમાં સાબરકાંઠાની પ્રજાને માથે અંદાજે રૂ. ૧૮ કરોડનું દેવુ થઈ ગયુ છે. તેમ છતાં રાજ્ય સરકારના પીવાના પાણી માટેના્ નિગમ અને માનવતા ખાતર પાણી પુરવઠા બોર્ડ દ્વારા અત્યારે જિલ્લામાં અનેક સ્થળે નર્મદાનું પાણી આપવામાં આવી રહ્યું છે. જોકે પાણી પુરવઠા બોર્ડે બાકી નાણાં વુસલવા માટે અવાર નવાર નગરપાલિકાઓ અને ગ્રામ પંચાયતો પાસે ઉઘરાણી કરી હતી. પરંતુ પૈસા ચુકવાયા નથી. હાલ તો ઉનાળાની ગરમીને ધ્યાનમાં રાખીને પાણી પુરવઠા બોર્ડે બાકી નાણાંની ઉઘરાણી કરવાનું મુલત્વી રાખ્યુ છે. એમ જણાવી પાણી પુરવઠા બોર્ડના એક્ઝુક્યુટીવી એન્જીનીયર કે.સી. છડીયાએ જણાવ્યુ હતુ કે હાલ અમે બાકી ઉઘરાણીને બાજુ પર રાખી ઉનાળો હોવાને કારણે પાણી આપી રહ્યા છે. પરંતુ ચોમાસામાં બાકી નાણાં અને ઉઘરાણી કરવામાં આવશે. જો કે જિલ્લામાં આવેલી કેટલીક ગ્રામ પંચાયતોને સમયસર ટેક્ષના નાણાં ગ્રામજનો દ્વારા ભરપાઈ કરવામાં ન આવતા હોવાને કારણે પંચાયતના સભ્યોને વહીવટ કરવામાં ખુબજ તકલીફ પડે છે. જેથી આર્થીક સદ્ધરતા ન ધરાવતી પંચાયતોની એવી લાગણી અને માગણી છે કે પાણીના બીલની ચુકવણીમાં રાહત આપવી જોઈએ.

# મોડાસામાં પ્રિમોન્સુન કામગીરીમાં ગટરોમાંથી કચરા કરતા દારૂની બોટલો વધુ નીકળી

### ગટરોમાંથી ગંદકી અને કચરો ત્યાંજ પડી રહેતા માથું ફાડી નાખે તેવી દુર્ગંધથી તોબા "બદબુ મોડાસા કી"

મોડાસા, તા. ૧૫

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં નગરપાલિકા તંત્ર દ્વારા પ્રિમોન્સુન કામગીરી હેઠળ શહેરના મુખ્ય બજારમાં આવેલી ગટરોની સફાઈ હાથ ધરવામાં આવી છે. નવાઈની રહેવા દેતા હોવાથી શહેરના ચાર રસ્તાથી બસ સ્ટેન્ડ વિસ્તાર સુધી માથું ફાડી નાખે તેવી અસહ્ય દુર્ગંધથી રાહદારીઓ અને દુકાનદારો તોબા પોકારી ઉઠ્યા છે.

મોડાસા શહેરમાં દારૂબંધીના લીરેલીરા ઉડાડતી અને બીયરના ટિનના મોટા જથ્થામાં ગટરોમાં પધરાવતા હોવાનું નગરપાલિકાની પ્રિમોન્સુન કામગીરીમાં ઠેર ઠેર નજરે પડી રહ્યું છે.

ગટરોમાં પ્રિમોન્સુન કામગીરીમાં સફાઈ કર્યા બાદ



વાત તો એ છેકે ગટરોમાંથી ગંદકી અને કચરા કરતા વધુ પ્રમાણમાં વિદેશી દારૂ અને બીયરના ટીનનો જથ્થો મોટા પ્રમાણમાં બહાર નીકળી રહેતા શહેરીજનો અને રાહદારીઓ આશ્ચર્ય અનુભવી રહ્યા છે અને મોડાસામાં અધધ દારૂ પીવાતો હોવાની ચર્ચા કરતા નજરે પડી રહ્યા છે. પોલીસે તંત્રની હપ્તારાજ સિસ્ટમમાં મોડાસા શહેરમાં માંગો ત્યાં વિદેશી દારૂ મળી રહેતો હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. ગટરની સફાઈ દરમિયાન ગટરમાંથી નીકળતો કાદવ અને ગંદો કચરો સફાઈ કામદારો ગટરની બાજુમાંજ પડી ઘટના અને પોલીસતંત્રની કામગીરી સામે અનેક પ્રશ્નાર્થ પેદા થાય તેવી ઘટના સામે આવતા લોકોમાં ભારે રોષ ફેલાયો છે. મોડાસા નગરપાલિકાની પ્રિમોન્સુન કામગીરીમાં ગટરોમાંથી વિદેશીદારૂની બોટલો ઉભરાતી હોય તેમ ઠેર ઠેર ગટરની ચેમ્બર બહાર વિદેશી દારૂની બોટલો અને બીયરના ટીન સફાઈ કામદારો દ્વારા બહાર ઉલેચવામાં આવી રહ્યા છે અને ઢગલા ખડકવામાં આવી રહ્યા છે. દારૂના શોખીનો દારૂની મઝા માણી વિદેશી દારૂની બોટલો ચેમ્બરની બાજુમાંજ કાદવ અને ગંદકીના ઢગલા ખડકી દેવામાં આવતા છેલ્લા બે દિવસથી મોડાસા શહેરની હાલત "બદબુ મોડાસા કી" જેવો ઘાટ સર્જાયો છે. તદ્દુપરાંત રોડની બાજુમાં પડી રહેલા કાદવથી અને ગંદકીથી મચ્છરોનો પણ ઉપદ્રવ વધી જતા રોગચાળો ફાટી નીકળવાનો ભય સતાવી રહ્યો છે નગરપાલિકા તંત્ર દ્વારા પ્રિમોન્સુન કામગીરી કરતા જવાબદાર કોન્ટ્રાક્ટરને નોટિસ ફટકારી ગટરોની ચેમ્બર બાજુમાં ખડકાયેલો કાદવ તાબડતોડ હટાવી લેવા સૂચના આપે તેવી લોક માંગણી પ્રબળ બની છે.

# મોડાસા એઆરટીઓ કચેરીમાં ટેસ્ટ ટ્રેક ચાલુ ન કરાતા અરજદારો ત્રાહિમામ

સાબરકાંઠા જીલ્લામાંથી વિભાજીત થઈ નવિન બનેલ અરવલ્લી જીલ્લાના આજે કેટલાય વર્ષો વિતવા આવ્યા છતાં માંડમાંડ સરકાર હમણા થોડાક માસ પુર્વે એઆરટીઓની કાયમી કચેરી બની શકી છે અને આ એઆરટીઓ કચેરીમાં ડ્રાયવીંગ ટેસ્ટ માટે બનાવેલ ટ્રેકનુ જીલ્લા સાંસદ અને અરવલ્લી જીલ્લા કલેકટર તેમજ અન્ય અધિકારીઓની પ્રેરક સ્થિતિમાં આ ટેસ્ટ ટ્રેકનુ દસ માસ અગાઉ ઉદ્દઘાટન કરવામાં આવ્યુ હતુ પરંતુ આ ટ્રેકના ઉદ્દઘાટનને દસ માસનો સમય વિતવા આવ્યો હોવા છતા આજ દિન સુધી ટ્રેક ચાલુ ન થતા માત્ર દુનિયાને બતાવવા માટે જ ટ્રેકનુ ઉદ્દઘાટન કર્યુ હોય તેવુ સ્પષ્ટ જણાય આવે છે. આ કચેરીમાં ટ્રેકના અભાવે ડ્રાયવીંગ લાયસન્સના માટે મોડાસા એઆરટીઓમાં આવે છે અને ત્યાંથી કોમ્પ્યુટર ટેસ્ટ પાસ કરી ડ્રાયવીંગ ટેસ્ટ માટે હિંમતનગર આરટીઓમાં જવુ પડે છે જ્યાં આવવા જવાના નાણાં અને હિંમતનગર કચેરી ધ્વારા અરવલ્લી જીલ્લાના અરજદારો પર વયમનસ્વ રાખી સર્વરની સમસ્યાના કારણે છતા ટેસ્ટ ટ્રેકે પણ સમય અને નાણાંના વ્યય સાથે ધરમ ધખ્ખા ખાવાના વારો આવ્યો છે. દુર દુરના અંતરીયાળ વિસ્તારમાંથી આવતા અરવલ્લી જીલ્લાના અરજદારોને ભારે હાલાકી સહન કરવાનો વારો આવ્યો છે. દુર દુરના અંતરીયાળ વિસ્તાર જેવા કે મેઘરજ, ભિલોડા, માલપુર જેવા દુર દુરના અરજદારો જો ટ્રેકમાં નાપાસ થાય તો રીટેસ્ટ માટે ફરી પાછા આવવુ પડે છે અને અરજદારોની આર્થિક પરીસ્થિતિ સારી ન હોવાથી ફરીથી રીટેસ્ટ માટે હિંમતનગર જઈ શકતા નથી અને લાયસન્સમાંથી ગરીબ અરજદારો વંચિત રહી જાય છે અને અરજદારોને આવી અનેક મુશ્કેલીઓ સહન કરવાનો વારો આવ્યો છે જેથી સરકાર ધ્વારા મોડાસા એઆરટીઓ કચેરી ખાતે તાકિદે ડ્રાયવીંગ ટેસ્ટ માટેનો ટ્રેક ચાલુ કરવામાં આવે તેવી જીલ્લાની પ્રજા પ્રબળ માંગ ઉઠી છે.



# પ્રાંતિજમાં વિજ પુરવઠો બંધ રહેતા ગરમીમાં નાગરિકો ત્રાહિમામ

પ્રાંતિજ, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ભર ઉનાળે વિજપુરવઠો બંધ રખાતા લોકો તોબા તોબા પોકારી ઉઠ્યા હતાં. ગરમીથી બચવા છાયણાની સાથે ઠંડક ખોરતા નજરે પડયા હતાં. સરકારી કચેરીઓ સહિત કચેરીઓમાં કામકાજ ઠબ થઈ ગયાં હતાં. કચેરીઓમાં પણ વિજપુરવઠો ના હોવાથી સન્નાટો છવાયો હતો.

પ્રાંતિજ ખાતે મેન્ટેનન્સને લઈને વિજકંપની દ્વારા વિજ પુરવઠો વહેલી સવારથી બંધ રખાતા નાના મોટા સૌ કોઈ ગરમીમાં સેકાઈ ગયાં હતાં. ભર ઉનાળે વિજ પુરવઠો બંધ રહેતાં નગરજનો ગરમીમાં સેકાઈ ગયાં હતાં. ગરમીથી બચવા લીમડા ઝાડ કે છાયણાનો ઉપયોગ કરતાં નજરે પડ્યા હતાં. બેંકો સરકારી ઓફિસોમાં પણ વિજ પુરવઠો ના હોવાથી લોકોનાં કામકાજ અટવાયા હતાં. સરકારી કચેરીઓમાં કામકાજ ઠપ્પ થયું તો રોજીદા હજારોની સંખ્યામાં અવરજવરને બદલે વિજપુરવઠો બંધ રહેતાં એકલ દોકલ લોકો જોવાં મલ્યા હતાં. સરકારી કચેરીઓમાં સન્નાટો છવાયો હતો. સવારના સાતથી ચાર વાગ્યા સુધી વિજપુરવઠો બંધ રહેતા નગરજનો ગરમીમાં તોબા-તોબા પોકારી ઉઠયા હતા. વિજપુરવઠો બંધ રહેતાં પંખા એસી કુલર સહિત નકામાં થઈ ગયાં હતાં તો ગરમીથી નગરજનો સેકાઈ ગયાં હતાં જોકે એક દિવસ અગાઉ વિજકંપની દ્વારા મેન્ટેનન્સને લઈને વિજ પુરવઠો બંધ રહેશે તેવી જાહેરાત કરવામાં આવી હતી.

# નલિન કોટડિયાની ધરપકડ માટે કોર્ટમાં કરાયેલ અરજી

ગુજરાતભરમાં ખળભળાટ મચાવનારા બીટકોઈન કૌભાંડમાં વારંવારના સમન્સ અને તાકીદ છતાં નલિન નાનજીભાઈ કોટડિયા તપાસનીશ એજન્સી સીઆઈડી ક્રાઈમ સમક્ષ હાજર નહી થતાં આખરે સીઆઈડી ક્રાઈમ દ્વારા કોટડિયાની વિધિવત્ ધરપકડ માટે સ્પેશ્યલ એસીબી કોર્ટમાં સીઆરપીસીની કલમ-૭૦નું વોરંટ મેળવવા અરજી દાખલ કરી દેવાઈ છે. સરકારપક્ષ તરફથી કેસની સંવેદનશીલ હકીકતો, તપાસનો તબક્કો અને કોટડિયાનું કેસમાં નાસતા ફરતા રહેવાનું વલણ સહિતના મુદ્દાઓ ટાંકી કલમ-૭૦નું વોરંટ જારી કરી આપવા માંગણી કરવામાં આવી હતી. જેની સુનાવણી પૂર્ણ થઈ જતાં સ્પેશ્યલ કોર્ટે સીઆઈડી ક્રાઈમની આ અરજી પર તા. ૧૭મી મેના રોજ ચુકાદો મુલત્વી રાખ્યો છે. સીઆઈડી ક્રાઈમ તરફથી કરાયેલી અરજીમાં સ્પેશ્યલ પબ્લીક પ્રોસીક્યુટર સુધીર બી.બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે, ચકચારભર્યા બિટકોઈન કેસમાં નાસતા ફરતા ભાજપના પૂર્વ ધારાસભ્ય નલિન કોટડિયા રાજય બહાર હોવાની આશંકા પ્રવર્તી રહી છે અને તેને લઈ સીઆઈડી ક્રાઈમે છ જુદી જુદી તપાસ ટીમોને દોડતી કરી છે.

# ભિલોડામાં પ્રિન્સિપાલ સિનિયર સિવિલ કોર્ટનું ઉદ્‌ઘાટન

ભિલોડા,તા.૧૫

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથકના નવા ભવનાથ વિસ્તારમાં ભિલોડા પ્રિન્સિપાલ સિનિયર સિવિલ કોર્ટનો એસ.જી.શાહના વરદ્ હસ્તે ઉદ્‌ઘાટન સમારંભ યોજાયો હતો.

ભિલોડામાં પ્રિન્સિપાલ સિનિયર સિવિલ કોર્ટમાં એક કરોડ સુધીના દાવા ચાલશે તેમ જણાવ્યું શુભારંભ કરાતાં પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી હતી.

અરવલ્લી જીલ્લા સેશન કોર્ટ મેજીસ્ટ્રેટ વી.બી.ગોહિલ, ધારાસભ્ય ડૉ.અનિલભાઈ




ઉદ્‌ઘાટન સમારંભ અને શુભારંભ કાર્યક્રમ યોજાયો હતો. એડવોકેટો અને પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી હતી. પ્રજાજનોને કેસોના નિકાલ માટે મોડાસા અવર-જવર કરવી પડતી હતી. પ્રજાજનોને સમયનો વ્યય થતો હતો. બાર એસોસીએશન અને જાગૃત પ્રજાજનોની લોકમાંગણીને ગ્રાહ્ય રાખી ભિલોડામાં પ્રિન્સિપાલ સિનિયર સિવિલ કોર્ટનો ગુજરાત રાજ્ય હાઈકોર્ટના ન્યાયાધીશ હતું. બાર એસોસીએશન પ્રમુખ,જીલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી, ઈન્દ્રજીતસિંહ રાઠોડ, પી.આર.ઓ.અભેસિંહ સોનગરા સહિત એડવોકેટોએ જણાવ્યું હતું કે અંતરીયાળ વિસ્તારના પ્રજાજનોને વિવિધ કેસો માટે મોડાસા કોર્ટ કચેરીમાં ધરમધક્કા ખાવા પડતા હતા. પ્રજાજનોની લાગણી અને માંગણીને ધ્યાને રાખીને ભિલોડામાં પ્રિન્સિપાલ સિનિયર સિવિલ કોર્ટનો જોષીયારા, ભિલોડા પ્રિન્સિપાલ સિનિયર સિવિલ કોર્ટ મેજીસ્ટ્રેટ જે.ડી.સોલંકી, એડવોકેટો, બી.વી.ચંપાવત, આર.કે.મનસુરી, આર.જે.ભાટી, જે.સી.ભાટીયા, એસ.ડી.જોષી, પી.ડી.ચંપાવત, બી.એસ.નર્વે, ડી.કે.પરમાર, ડી.એલ.ગઢવી, બી.વી.પારઘી, એલ.કે.ખરાડી, ડી.એન.પટેલ સહિત ભિલોડા બાર એસોસીએશન સભ્યો, એડવોકેટો,આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# મેઘરજના ઉકરડી ગામે વરઘોડામાં મહિલા સાથે છેડતી થતા હંગામો

મેઘરજ, તા. ૧૫

નારી સશક્તિકરણની વાતો વચ્ચે મહિલાઓ અને દીકરીઓ પર થતા અત્યાચારમાં ઘટાડો થવાને બદલે દિવસે ને દિવસે વધારો જોવા મળી રહ્યો છે. કહેવાતા પુરુષપ્રધાન દેશમાં પુરુષો અને યુવકોની નિમ્નકક્ષાની માનસિકતાના પગલે મહિલાઓ અસુરક્ષિત હોવાનો અહેસાસ અનુભવી રહી છે. આવોજ એક કિસ્સો અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના ઉકરડી ગામે બહાર આવતા ચકચાર મચી છે. ઉકરડી ગામે એક મહિલા ભત્રીજાના લગ્નના વરઘોડામાં હતા તે દરમિયાન એક યુવકે મહિલાનો દુપટ્ટો અને હાથ ખેંચાતા મહિલા હેબતાઈ ગઈ હતી અને બુમાબુમ કરતા મહિલાના મા-બાપ આવી જતા હંગામો થતા યુવકના સમર્થનમાં તેના પિતા અને ભાઈ દોડી આવી મહિલા અને તેના પરિવારજનોને બેફામ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપતા સમગ્ર મામલો ઈસરી પોલીસ મથકે પહોંચતા ઈસરી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મેઘરજ તાલુકાના ઉકરડી ગામે રવિવારે સાંજના સુમારે મેવડા ગામની અને હાલ ઉકરડી રહેતી મહિલા તેના ભત્રીજાના વરઘોડામાં હતી ત્યારે ગામના જ નટવર ગોવિંદ પરમાર નામના શખ્સે બદઈરાદા સાથે મહિલાનો દુપટ્ટો ખેંચી અને હાથ પકડી ખેંચતાણ કરતા અચાનક બનેલી ઘટનાથી મહિલાએ બુમાબુમ કરતા મહિલાના માતા પિતા દોડી આવતા હંગામો થતા યુવકના ઉપરણામાં તેના પિતા ગોવિંદ પૂજા ચમાર અને તેનો ભાઈ પ્રવીણ ગોવિંદ પરમાર દોડી આવી છેડતીનો ભોગ બનેલી મહિલા અને તેના પરિવારજનોને માં-બેન સામે નઠારી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી અપાતા ફફડી ઉઠેલી મહિલાએ ઈસરી પોલીસ સ્ટેશનમાં નટવર ગોવિંદ પરમાર, ગોવિંદ પૂજા પરમાર અને પ્રવીણ ગોવિંદ પરમાર (તમામ, રહે. ઉકરડી) વિરુદ્ધ ઈ.પી.કો કલમ ૩૫૪, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ મુજબ ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# હિંમતનગરના પાંચ શખ્સોએ મજીયારી જમીન પડાવી લેવાના કારસાનો પર્દાફાશ

### કાકા તથા અન્ય એકનો ખોટો મરણનો દાખલો બનાવી દીધો

હિંમતનગર, તા. ૧૫

હિંમતનગરના ભોલેશ્વર વિસ્તારમાં રહેતા પાંચ શખ્સોએ ભેગા મળી ૨૧ વર્ષ અગાઉ તેમની મજીયારી જમીનમાંથી કાકાનુ તથા અન્ય એક શખ્સનું નામ કમી કરાવવા માટે ખોટા મરણના દાખલા રજુ કરી છેતરપીંડી કરતા તેમની વિરૂદ્ધ સતનગરના રહિશે સોમવારે હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

આ ફરીયાદમાં સતનગરમાં રહેતા ઈબ્રાહીમભાઈ કમુભાઈ રેવાસીયાએ નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ ગત તા. ૨૮-૧૧-૧૯૯૭ના સમયગાળા દરમ્યાન પાણપુરના અબ્બાસભાઈ વલીભાઈ રેવાસીયા, હાજીઅબ્બાસભાઈ નસીરભાઈ અથાણીયા, વલીભાઈ ગનીભાઈ બાવન તથા પરબડાના વલીભાઈ ગુલામભાઈ વિજાપુરા અને ભોલેશ્વરમાં રહેતા કલ્યાણભાઈ માધાભાઈ ચમારે ભેગા મળી તેમના પિતા તથા કાકાની મજીયારી જમીનમાંથી કાકા દાઉદભાઈ તથા મીરોજીભાઈ મરી ગયા હોવા છતાં તેમની ખોટી સહી કરી ખોટા દસ્તાવેજ બનાવી દીધા હતા.

જેમાં હાજીઅબ્બાસભાઈ, વલીભાઈ તથા વલીભાઈ ગુલામભાઈએ સાક્ષી તરીકે સહીઓ કરી દીધી હતી. અને તેમાં કલ્યાણભાઈ ચમારે આ દસ્તાવેજો ખોટા હોવા છતાં પોતાની રૂબરૂમાં હાજર રહી સહી કરી હોવાનું માની દસ્તાવેજો પર શેરો માર્યો હતો. જોકે તમામ દસ્તાવેજો ખોટા હોવાની જાણ થતા સતનગરના ઈબ્રાહીમભાઈ રેવાસીયાએ પાંચેય જણા વિરૂદ્ધ સોમવારે હિંમતનગર બી-ડીવીઝનમાં ફરીયાદ નોંધાવી હતી.

## કોકડું ગુંચવાયુ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સાથે મળીને સરકાર રચવાનો દાવો કર્યો હતો. જેડીએસના નેતા કુમારસ્વામી રાજ્યપાલને મળવા માટે પહોંચ્યા હતા અને સરકાર રચવાનો દાવો કર્યો હતો. કોંગ્રેસે જેડીએસને ભાજપને સત્તાથી દૂર રાખવા માટે બિનશરતીરીતે ટેકો આપવાની જાહેરાત કરી હતી. કુમારસ્વામીએ રાજ્યપાલને મળીને ચિત્ર સ્પષ્ટ કર્યું હતું. કોંગ્રેસનું સમર્થન હોવાની વાત કરી હતી. બીજી બાજુ ભાજપના મુખ્યમંત્રીપદના ઉમેદવાર યેદીયુરપ્પા પણ રાજ્યપાલને મળવા પહોંચ્યા હતા. યેદીયુરપ્પાની સાથે ભાજપના અનંતકુમાર, રાજીવ ચંદ્રશેખર પણ રહ્યા હતા. કર્ણાટકના પરિણામ રોમાંચક રહ્યા બાદ બહુમતની નજીક પહોંચીને પણ નંબર ન મેળવવાના કારણે અન્ય કોઈ પાર્ટીના સહકાર વગર સરકાર બનાવવાનું મુશ્કેલ દેખાઈ રહ્યું છે. યેદીયુરપ્પાએ કહ્યું છે કે, કોંગ્રેસ મુક્ત કર્ણાટક માટે મતદારોએ જનાદેશ આપ્યો છે અને તેઓ રાજ્યમાં સરકાર બનાવશે. યેદીયુરપ્પાએ કહ્યું હતું કે, આ જનમત કોંગ્રેસમુક્ત કર્ણાટકનો છે. રાજ્યની પ્રજાએ ભાજપની પસંદગી કરી છે. હાઈકમાન્ડ સાથે તેઓ સતત સંપર્કમાં છે. પ્રજાએ ફગાવી દીધા બાદ પણ કોંગ્રેસ પાર્ટી પાછલા દરવાજાથી સત્તામાં રહેવા માટે ઈચ્છુક છે પરંતુ પ્રજા કોંગ્રેસના પ્રયાસોને ચલાવી લેશે નહીં. પરિણામ સ્પષ્ટ બહુમતિના ન મળતા યેદીયુરપ્પાએ દિલ્હીનો પ્રવાસ રદ કરી દીધો હતો. મોડેથી તેઓ રાજ્યપાલ પાસે સમય માંગીને તેમને મળ્યા હતા અને સરકાર બનાવવાનો દાવો કર્યો હતો. યેદીયુરપ્પાએ કહ્યું હતું કે, અમે પાછલા દરવાજાથી રાજનીતિ કરવામાં માનતા નથી. જો જરૂર પડશે તો જેડીએસ સાથે વાત થશે. જનતા કોંગ્રેસમુક્ત ભારતની તરફ વધી રહી છે. આ પહેલા પણ પરિણામ આવ્યાની શરૂઆત થયા બાદ રાજકીય ઘટનાક્રમનો દોર શરૂ થયો હતો.

## કમાલ છતાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

રણનીતિ ફરીએકવાર ફ્લોપ રહી છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પહેલા કર્ણાટકની ચૂંટણીને સેમિફાઈનલ તરીકે તમામ પંડિતો ગણી રહ્યા હતા. ભારે સસ્પેન્સ અને અપેક્ષાઓ વચ્ચે મતગણતરી આજે શરૂ થયા બાદ શરૂઆતમાં જોરદાર સ્પર્ધા ધારણા પ્રમાણે જ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જોવા મળી હતી. જો કે મોડેથી ભાજપે મજબુત લીડ મેળવી લીધી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપ પ્રમુખ અમિત શાહ અને ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથની મહેનત રંગ લાવી હતી. ભાજપે સૌથી મોટી પાર્ટી બનવામાં સફળતા હાંસલ કરી હતી. કર્ણાટક ચૂંટણીના પરિણામ પર દેશના કરોડો લોકોની પણ નજર મતગણતરી શરૂ થયા બાદ કેન્દ્રિત થઈ ગઈ હતી. ૧૨મી મેના દિવસે ઉંચુ મતદાન ૭૦ ટકાની આસપાસ રહ્યા બાદ ભાજપ અને કોંગ્રેસ બન્ને દ્વારા જીત માટેના દાવા કરવામાં આવી રહ્યા હતા. બીજી બાજુ મોટા ભાગના એગ્ઝિટ પોલમાં ત્રિશંકુ વિધાનસભાની વીત કરવામાં આવી રહી હતી જેથી ભાજપ અને કોંગ્રેસ તેમજ જેડીએસ દ્વારા પોત પોતાની રીતે પણ નવા સમીકરણ બેસાડી દેવાના પ્રયાસ શરૂ કરવામાં આવ્યા હતા. મતદાન બાદ કર્ણાટકમાં ભાજપના મુખ્યપ્રધાન પદના દાવેદાર બીએસ યેદીયુરપ્પાએ કહ્યુ હતું કે ભાજપ ૧૨૫થી ૧૩૦ સીટો જીતી જશે જ્યારે કોંગ્રેસ પાર્ટી ૭૦ના આંકડાને પણ પાર કરી શકશે નહીં. તેમના દાવા પણ ખોટા સાબિત થયા છે. ભાજપ તેમના કહેવા મુજબની સીટો જીતવામાં અસફળ રહ્યું હતું. ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ચોક્કસપણે ઉભરી હતી.

## શિબિરો યોજાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નથી. આ મચ્છર ડે બાઈટર હોવાથી તે તેના કુલ વજન કરતાં અઢી ગણુ લોહી પીવે છે. એક જ વ્યક્તીને તે કરડે આટલુ લોહી પીવે તેવુ નથી હોતુ કારણ કે તે ડે બાઈટર હોવાથી માણસની જાગૃત અવસ્થા હોય છે તેથી તે બે થી ત્રણ માણસને બાઈટ કરી આટલુ લોહી પીતો હોય છે.

મોટી ઘડી, મોટી ટાંકી કે મોટા જળસંગ્રહના સાધનોને બદલે નાના જળસંગ્રહના સાધનો પસંદ કરતા હોવાનું નિષ્ણાંતોનું મંતવ્ય છે.

મચ્છરોથી બચવા તમારા જળસંગ્રહના સંશાધનોની સફાઈ કર્યા પછી તેને ભાર દઈ અને લુછવામાં આવે તેવો આગ્રહ પણ તંત્રના અધિકારીઓ કરતા જોવા મળ્યા છે.

ડેન્ગ્યુ એ વાહકજન્ય રોગ છે. આ રોગ ફેલાવતા ડેન્ગ્યુના મચ્છરો જે ટાઈગર મોસ્કીટોના નામે ઓળખાય છે. આમ તો એનુ મૂળ નામ એડીસ મચ્છર છે. આ મચ્છરના ઈંડા એક વર્ષ સુધી જીવીત રહેતા હોય છે.જિલ્લામાં વાહકજન્ય રોગચાળો નિયંત્રિત રહે તે માટે બે તબક્કામાં કરાયેલા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં ૧૫૦૦૦ જેટલા સ્થાનોએથી મચ્છરોના પોરા મળ્યા હતા તે પૈકીના મોટા ભાગના પોરા એડીસ મચ્છરના હતા. ગાંધીનગર શહેર અને જિલ્લામાં ડેન્ગ્યુના કેસોમાં આવતો ચડાવ-ઉતાર નોંધાયો છે પરંતુ તંત્ર આ વખતે વધુ સંવેદનશીલ બની કામ કરી રહ્યુ છે. તંત્રએ આ વર્ષને રેડી ટુ બીટ મેલેરિયાની થીમ પર કામ કરવાના કરેલા નિર્ણયને પગલે વાહકજન્ય રોગના કેસોમાં ઘટાડો નોંધાય તે માટે પ્રતિબદ્ધ છે.

## સાઈન બોર્ડ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નવા સાઈન બોર્ડસ રાહદારીઓ માટે પથદર્શક હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે.

પરંતુ છેલ્લા કેટલાક સમયથી સેકટરોના આંતરિક વિસ્તારમાં સાઈન બોર્ડસ ફ્રેમમાંથી ગુમ થઈ જતા સ્થાનિકોમાં પણ અચરજ પ્રવર્તયો છે. તંત્ર કક્ષાએથી પણ આ મામલે સાઈન બાર્ડસની જાળવણી કરવામાં આવતી ન હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો છે. બીજીતરફ આ સાઈન બોર્ડસ જાણભેદુ ગઠીયાઓ દ્વારા ચોરીના ઈરાદે ફ્રેમમાથી કાઢવામાં આવ્યા હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે. તંત્રના જણાંવ્યા મુજબ ચોર ઈસમો આ બોર્ડસને એલ્યુમિનિયમ બેઈઝ સમજી કાઢે છે. પરંતુ તેની કોઈ કિંમત મળે તેમ ન હોવાથી આ પ્રકારના સાઈન બોર્ડસ નજીકમાં જ મુકીને પલાયન થઈ જાય છે. જો કે આ મામલે સેકટરોમાં રાત્રિ દરમિયાન પોલીસ પેટ્રોલીંગ પણ સઘન કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.